ગાંધીનગર સમાચાર

આજે સે-૧૨ ખાતે રાજયકક્ષાની ફેન્સિંગ સ્પર્ધા યોજાશે

## @ગાંધીનગર

● જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સામાન્ય સભા સાંજે ૫.૩૦ કલાકે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરના યજ્ઞખંડમાં યોજાશે.

● બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે ગેસ્ટ લેકચર સીરીઝ અને એવોર્ડ સમારોહ બપોરે ૩.૩૦ કલાકે યોજાશે.

● ત્રિદલ સંસ્થાની માસિક બેઠક સાંજે ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ મહારાષ્ટ્ર ભવન સે-૨૧ ખાતે યોજાશે.

● પ્રેક્ષા વિશ્વ ભારતી કોબા ખાતે પ્રેક્ષા ધ્યાન શિબિર યોજાશે.

● ડૉ. બી.આર. આંબેડકર કો. ઓપરેટીવ ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી ફેડરેશનનો ઉદઘાટન સમારોહ સવારે ૧૦ કલાકે ખીમજી વિશ્રામ હોલ, કડી કેમ્પસ, સે-૨૩ ખાતે યોજાશે.

# ચિલોડાના રમતવીરને ઈન્ડોનેશીયામાં ગોલ્ડ મેડલ

## ભારતીય ટીમે ૧૫ ગોલ્ડ સાથે ૨૭ મેડલ જીત્યા : ગુજરાતના પાંચ ખેલાડીઓએ ૩ ગોલ્ડ સાથે ૫ મેડલ મેળવ્યા

ગાંધીનગર, તા.૨૨

તાજતેરમાં ઈન્ડોનેશીયાના પાટનગર જાકાર્તા ખાતે છઠ્ઠી તફિસા ગેમ્સ યોજાઈ હતી. જેમાં જીત-કુને-ડો રમતમાં ભારતની ટીમમાં વિવિધ રાજયોમાંથી કુલ ૨૯ રમતવીરોએ ભાગ લીધો હતો. આ ટીમમાં ગુજરાતના ૫ રમતવીરો હતા જેમણે ૩ ગોલ્ડ અને ૨ સિલ્વર મેડલ જીતી સમગ્ર રાજય સાથે દેશનું નામ પણ રોશન કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ૫ રમતવીરોમાં એક ગાંધીનગરના મોટા ચિલોડા ખાતે રહેતો લોકેશ્વરસિંઘ પણ હતો જેણે સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે. ભારતની ટીમે ૧૫ ગોલ્ડ સાથે કુલ ૨૭ ચંદ્રક હાંસલ કર્યા હતા.

તફિસા ગેમ્સ ૨૦૧૬ ઈન્ડોનેશિયા ખાતે તા. ૬ઠ્ઠીથી તા. ૧૨મી ઓકટોબર દરમિયાન યોજાઈ હતી. જેમાં વિશ્વભરમાંથી કુલ ૮૩ દેશોના ૩૬ હજાર રમતવીરોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા ઈન્ડોનેશીયામાં કુલ ૨૦ સ્થળોએ યોજાઈ હતી જેમાં ૬૨થી વધુ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત તરફથી રમતા લોકેશ્વર સિંઘ, ખ્યાતિ તરલ અને રીપલ ચૌધરીએ ગોલ્ડ મેડલ તથા આરઝુ ચૌધરી અને અપેક્ષા પટેલે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા હતા. આ રમતવીરો પૈકી ૨ રમતવીરોએ સતત બીજા વર્ષે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે તે બાબત આવનારા સમયમાં રમત માટે તેમજ તે ખેલાડીઓ માટે ખુબ જ અગત્યની સાબિત થશે તેવી કોચ કેતન રાવલ તથા પ્રજ્ઞેશ મેસરિયાએ આશા વ્યકત કરી હતી. પ્રજ્ઞેશ મેસરિયા સતત બે વર્ષથી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય ટીમના કોચ તથા મેનેજર તરીકે પસંદગી પામ્યા છે તે પણ ગુજરાત સ્ટેટ જીત-કુને-ડો એસોસિએશન માટે ગૌરવ પ્રદ બાબત છે. અત્રે ઉલ્લેખનીય છે કે જીત-કુને-ડો એ બ્રુસલી દ્વારા વિકસાવાયેલ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય કોમન માર્શલ આર્ટની રમત છે.




## વાતવાતમાં

● ગાંધીનગરના સાઈ સંકુલ ખાતે મુલાકાત લેવા પધારેલા કેન્દ્રિય રમતગમત મંત્રી વિજય ગોયેલના શિડયુલમાં સાઈ ખાતે લંચ લેવાનું નહોતુ પરંતુ અચાનક તેમણે અહીં લંચ લેવાનો નિર્ણય લેતા સાઈના અધિકારીઓ વ્યવસ્થામાં લાગી ગયા હતા. મંત્રીના નિર્ણય પાછળ સાઈમાં ખેલાડીને આપવામાં આવતા ખોરાકની ગુણવત્તા ચકાસવનો ઈરાદો હોવાનું કર્મચારીઓમાં ચર્ચાતુ સાંભળવા મળ્યું હતું.

● ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ખાતે ૮૦ ફુટ ઊંડા કુવામાં એક ગાય પડી જવા પામી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ આ ગાયને જીવતી બહાર કાઢવામાં સફળતા મેળવી હતી.

● દિવાળીના પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નર્સીંગ સ્ટાફના ઘણા કર્મચારીઓએ અગાઉથી પોતાની રજાઓ નોંધાવી દીધી છે. તહેવારોમાં ઓછા સ્ટાફ સાથે દર્દીઓને કોઈ તકલીફ ના પડે તે હેતુથી સિવિલ હોસ્પિટલ તંત્રએ વ્યવસ્થા ગોઠવવાના પગલા લેવાનું પ્રારંભ કરી દીધું છે.

● કોલગર્લને મારવાના ચકચારી કેસમાં પોલીસે એક ઈસમની ધરપકડ કરી છે. આ ઈસમનું નામ ભરત મારવાડી છે જેના થકી કેસમાં પોલીસને બાકીના બે આરોપી ઝડપથી ઝડપવામાં મદદરૂપ બનશે.

## ગેરકાયદેસર શરુ થઇ ગયેલા ફટાકડાનાં સ્ટોલ્સ પર દરોડા



ગાંધીનગર શહેરના કેટલાક સેક્ટર્સમાં તંત્રની મંજુરી લીધા વગર ગેરકાયદેસર ફટાકડાનાં સ્ટોલ તથા લારીઓ ધમધમવા લાગી હોવાની ફરિયાદને આધારે ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમે આજે દરોડા પાડી સપાટો બોલાવ્યો હતો. સે-૨૧ માંથી બે સ્ટોલ્સ અને મીના બજારમાં દરોડો પાડીને ચાર સ્ટોલ તથા લારીઓમાંથી અંદાજે બે લાખની કિંમતનાં ફટાકડાનો જથ્થો જપ્ત કરી સપાટો બોલાવવામાં આવ્યો છે.

## આજે સે-૧૨ ખાતે રાજયકક્ષાની ફેન્સિંગ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૨

એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના ઉપક્રમે ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસીએશન અને ગુજરાત સ્પોર્ટસ એકેડમી દ્વારા સ્વામી વિવેકાનંદ વિદ્યા વિહાર સે-૧૨, ગાંધીનગર ખાતે તા. ૨૩-૧૦-૨૦૧૬ના રોજ રાજય કક્ષાની જુનિયર અને સિનિયર ફેન્સીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. સ્પર્ધામાં રાજયના વિવિધ જિલ્લાઓમાંથી કુલ ૧૫૦ જેટલા ખેલાડીઓ ભાગ લેનાર છે.

આ સ્પર્ધાના ઉદઘાટન પ્રસંગે સ્પર્ધાના ઉદઘાટક તરીકે કડી સર્વ કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે રમત જગત મેગેઝીનના તંત્રી ભૂપેન્દ્રભાઈ શ્રોત્રિય, અતિથિ વિશેષ તરીકે સુરેન્દ્રનગર જિલ્લાના સિનિયર કોચ રોશન થાપા, ગાંધીનગર જિલ્લા હેન્ડબોલ એસોસીએશનના મંત્રી ચંદ્રેશ વાઘેલા અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના હેન્ડબોલ રમતના હેડ કોચ કૌશિક પટેલ તેમજ એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મનીષકુમાર સોલંકી અને ચેરમેન ભરતજી ઠાકોર અને ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસીએશનના ચેરમેન ડી.એન. વાટલીયા તથા વિવિધ જિલ્લાના પદાધિકારીઓ અને કોચીઝ ઉપસ્થિત રહેશે.

રાજયકક્ષાની આ સ્પર્ધામાંથી આગામી નવેમ્બર માસમાં મણીપુર ખાતે યોજાનાર જુનિયર નેશનલ માટે અને આગામી ડિસેમ્બર માસમાં છત્તીસગઢ ખાતે યોજાનાર સિનિયર નેશનલ માટે ગુજરાતની ટીમની પસંદગી કરવામાં આવશે. આ પ્રસંગે ઉપસ્થિત રહી મેચ નિહાળી ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા ગાંધીનગરવાસીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સે-૩૦ ઝુલેલાલ મંદિર સામે કારની અડફેટે સાયકલ ચાલક વૃધ્ધનું મોત

### વિજ કંપનીમાંથી નિવૃત્ત થયેલા વૃધ્ધને અજાણ્યા કાર ચાલકે સવારે ટક્કર મારી હતી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરનાં સે-૩૦ ખાતે સરકારી આવાસમાં રહેતા ૬૦ વર્ષિય વૃધ્ધ આજે સવારે સાયકલ લઇને સે-૨૧ તરફ જઇ રહ્યા હતા ત્યારે ઝુલેલાલ મંદિર નજીક ચોકડી પાસે તેમની સાયકલને બેફામ જતી કારે જબરદસ્ત ટક્કર મારી હતી અને કાર સાથે ડ્રાઇવર રફ્ફુચક્કર થઇ ગયો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા વૃધ્ધનું સારવાર દરમ્યાન હોસ્પિટલમાં કરુણ મૃત્યુ નિપજ્યુ હતુ. સે-૨૧ પોલીસે મૃતકનાં દિકરાની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને ફરાર આરોપી ડ્રાઇવરને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

શહેરનાં સે-૩૦ ૬-ટાઇપ બ્લોક નં. ૫૩/૬ ખાતે રહેતા અને વિજ કંપનીમાંથી નિવૃત્ત થયેલા ૬૦ વર્ષિય વૃધ્ધ ધિરેન્દ્રકુમાર મનસુખભાઇ વ્યાસ આજે સવારે આઠેક વાગ્યાનાં અરસામાં પોતાના ઘરેથી સાયકલ લઇને સે-૨૧ તરફ જઇ રહ્યા હતા.સે-૩૦ ઝુલેલાલ મંદીર નજીક વળાંક પાસે તેઓ પહોંચ્યા ત્યારે ૬-નંબરનાં માર્ગ તરફથી ધસમસતી આવતી અજાણી કારે તેમની સાયકલને ટક્કર મારી હતી. સાયકલ સાથે ધિરેન્દ્રકુમાર ફંગોળાઇને પટકાતા ગંભીર રીતે ઘાયલ થયા હતા. તો બીજી તરફ અકસ્માત સર્જીને કાર સાથે ડ્રાઇવર ફરાર થઇ ગયો હતો. ઘાયલ ધિરેન્દ્રકુમારને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ લઇ જવાઇ હતા. જો કે સારવાર દરમ્યાન તેમનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યુ હતુ. તેમના દિકરા મહર્ષિએ ફરિયાદ આપતા સે-૨૧ પોલીસે અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી પી.આઇ મીની જોષેફે વધુ તપાસ શરુ કરી છે.

## ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લીક હેલ્થ યુનિવર્સિટીનો ગાંધીનગરમાં ૨૫મીએ પ્રારંભ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર-ચિલોડા હાઈવે પર એરફોર્સ સ્ટેશનની સામે સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લીક હેલ્થ ગાંધીનગરના નવા કેમ્પસનું ઉદઘાટન ૨૫મી ઓકટોબરે સાંજે ૭ થી ૮.૩૦ દરમિયાન કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ઉપરાંત નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી આ અવસરે ખાસ ઉપસ્થિત રહેશે. પબ્લીક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના ચેરમેનશ્રી એન.આર. નારાયણ મૂર્તિ પણ ઉપસ્થિત પ્રસંગને દીપાવશે.

## પેટ્રોલિયમ સંરક્ષણ અંગે ડોકયુમેન્ટરી ફિલ્મ નિદર્શન તથા કિવઝ

ગાંધીનગર, તા.૨૨

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સે-૭ ગાંધીનગર ખાતે પીસીઆરએ (પેટ્રોલિયમ સંરક્ષણ અનુસંધાન સંઘ) અમદાવાદ તથા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુકત ઉપક્રમે પેટ્રોલિયમ પેદાશોના વ્યવહારૂ ઉપયોગ અંગે રસપ્રદ ડોકયુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી. જેમાં ધો-૧૦ થી ૧૨ની તમામ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. અંતમાં દરેક વિદ્યાર્થીનીઓની વિષયને લગતી ટેસ્ટ લેવામાં આવી હતી. જેમાં ચૌધરી અસિતિ કે.-પ્રથમ, ચાવડા મિત્તલ બી.-દ્વિતિય, ચાવડા દિપ્તી એસ.-તૃતીય રહ્યા હતા જયારે સ્લોગન સ્પર્ધામાં ચાવડા રિંકલે ઈનામ મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્યા શ્રી સંતોકબેન ચૌધરી તથા શાળાની વિજ્ઞાન શિક્ષિકા બહેનોએ સહકાર આપ્યો હતો.

# સાઈ ગાંધીનગરને ‘એકસેલન્સ ઈન સ્પોર્ટસ પેરાઓલમ્પિક’ તરીકે વિકસાવાશે

## કેન્દ્રિય રમતગમત મંત્રી વિજય ગોયેલે સાઈની મુલાકાત લઈ જાહેરાત કરી : દેવેન્દ્ર ઝાઝરીયાને યાદ કરી સાઈ ગાંધીનગરના વખાણ કર્યા : રિજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુએ સાઈની સુવિધાઓ તથા સિધ્ધિઓથી મંત્રીને માહિતગાર કર્યા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વેસ્ટર્ન રિજીયોનલ સેન્ટરની મુલાકાત દરમિયાન કેન્દ્રિય યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસ મંત્રી વિજય ગોયેલે સરકાર આગામી વર્ષ ૨૦૨૦, ૨૦૨૪ અને ૨૦૨૮ની ઓલમ્પિક ગેમ્સ માટે અત્યારથી એકશન પ્લાન તૈયર કરી રહી હોવાનું જણાવતા સાઈ ગાંધીનગરને ‘સેન્ટર ફોર એકસેલન્સ ઈન સ્પોર્ટસ પેરાઓલમ્પિક’ તરીકે વિકસાવવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. આજે અમદાવાદ ખાતે રમાઈ રહેલ કબડ્ડી વર્લ્ડકપની ફાઈનલ મેચમાં હાજરી આપવા આવેલ વિજય ગોયેલે ગાંધીનગર સાઈ સંકુલની મુલાકાત લઈ અહીંની સુવિધાઓ, વ્યવસ્થા તથા અન્ય બાબતોનું નિરીક્ષણ કર્યુ હતું તથા વિવિધ રમતના કોચીસ સાથે મુલાકાત કરી હતી. તેમણે કબડ્ડી વર્લ્ડકપમાં ભારતીય ટીમના પ્રદર્શનના વખાણ કર્યા હતા.

બ્રાઝીલના રીઓ ખાતે પેરાઓલમ્પિક ખાતે ભારતનું પ્રદર્શન ઉત્કૃષ્ઠ રહેતા પ્રભાવિત થયેલ કેન્દ્રિય રમતગમત મંત્રી વિજય ગોયેલે ગાંધીનગર સાઈ ખાતે ‘સેન્ટર ફોર એકસેલન્સ ઈન સ્પોર્ટસ પેરાઓલમ્પિક’ તરીકે વિકસાવવાની તથા તેના માટે સ્પેશયલ બજેટ ફાળવવાની જાહેરાત કરી હતી. તેમણે ભારતના દરેક સાઈ સેન્ટરને અલગ અલગ રમતની એકેડેમી તરીકે વિકસાવવા સાથે દેશમાં વિવિધ રમતોના ફેડરેશન્સ, એસોસિએશન્સ, કોચીઝ, પૂર્વ ખેલાડીઓ વગેરેને સાથે લઈ એક નવી સ્પોર્ટસ પોલીસી ‘ખેલો ઈન્ડિયા’ પણ વિકસાવવામાં આવી રહી છે તેવી જાહેરાત કરી હતી. સાથે મંત્રીએ કબડ્ડીને આગામી ઓલમ્પિકમાં સ્થાન મળે તે માટેના ફેડરેશનના પ્રયાસોને ભારત સરકાર સંપૂર્ણ સહયોગ પૂરો પાડશે તેવી ખાત્રી આપી હતી. રમતગમત મંત્રીએ તેમની મુલાકાત દરમિયાન સમગ્ર સાઈ સંકુલની વિઝીટ કરી તમામ સુવિધાઓ તથા કામગીરીનું અવલોકન કર્યુ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સાઈ ગાંધીનગરના રિજિયોનલ ડાયરેકટર આર.કે. નાયડુએ મંત્રી વિજય ગોયેલનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. તેમણે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સાઈ ગાંધીનગરની સવલતો તથા ખેલાડીઓએ મેળવેલ સિધ્ધિઓ અંગે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે સાઈના તમામ રમતોના પ્રશિક્ષકો સહિત તમામ કર્મચારી ગણ અને તાલીમ લઈ રહેલા યુવા ખેલાડીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રિય મંત્રી વિજય ગોયેલે સાઈ ખાતે ભોજન લઈ બાદમાં સે-૧૫માં વિજ્ઞાન કોલેજ ખાતે નહેરુ યુવા કેન્દ્રના કાર્યક્રમમાં હાજરી આપવા રવાના થયા હતા.

### આગામી પ્રો-કબડ્ડીમાં ગુજરાતની ટીમ પણ હશે

કેન્દ્રિય રમતગમત મંત્રી વિજય ગોયેલની સાઈ ગાંધીનગર મુલાકાત દરમિયાન સાઈના અધિકારીઓ અને કોચીઝ વચ્ચે કબડ્ડી વર્લ્ડકપ બાબતે ઘણી બધી ચર્ચાઓ થતી સાંભળવા મળી હતી. સાઈના આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર ભારતીય પરંપરાગત રમત કબડ્ડીને મળી રહેલ અભૂતપૂર્વ પ્રતિસાદથી કેન્દ્ર સરકાર કબડ્ડીને વધુ પ્રોત્સાહન આપવાના મુડમાં છે. સુત્રોએ એવી પણ માહિતી આપી હતી કે કબડ્ડીના પ્રોફેશનલ વર્ઝન પ્રો કબડ્ડીનો આગામી સીઝનમાં વધુ વિસ્તાર કરાશે જેમાં ગુજરાતની પણ ટીમનો ઉમેરો થશે. આ સાથે કબડ્ડી વર્લ્ડકપને મળેલી સફળતાના પગલે પ્રો-કબડ્ડીની મેચો પણ અમદાવાદમાં રમાડાશે તેવી સુત્રોએ જાણકારી આપી હતી.





### ખેલ પ્રતિભા શોધવા વેબ પોર્ટલ લોન્ચ કરાશે

ભારતમાં રમતગમત ક્ષેત્રે વિકાસ થાય અને ક્રિકેટ સિવાય પણ અન્ય રમતોમાં ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવે તે માટે વડાપ્રધાન ખૂબ જ ગંભીર હોવાનું જણાવતા કેન્દ્રિય રમતગમત મંત્રી વિજય ગોયેલે ટૂંક સમયમાં કેન્દ્ર સરકાર દ્વારા ‘સ્પોર્ટસ મિનિસ્ટ્રી ટેલેન્ટ પોર્ટલ’ લોન્ચ કરાશે તેવી જાહેરાત કરી હતી. આ પોર્ટલ પર દરેક ખેલાડી જાતે અથવા તેના કોચ, વાલી કે સ્કૂલના શિક્ષક પણ ખેલાડીનો બાયોડેટા સાથે ફોટોઝ અને વિડિયોઝ અપલોડ કરી શકશે. જેના આધારે તેની પ્રતિભાનું મૂલ્યાંકન કરી તેને સ્કોલરશીપ ઉપરાંત તાલીમ વગેરેની વ્યવસ્થા પુરી પાડવામાં આવશે. પોર્ટલ દેશના ગ્રામ્ય વિસ્તારમાં રહેલી પ્રતિભાઓને બહાર લાવવામાં ખૂબ મદદરૂપ નિવડશે તેવો તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો.

## ડેપોમાં માર્બલનાં વેપારીનાં ખિસ્સામાંથી રૂ.૬૦ હજારની ચિલઝડપ

વિજાપુરનાં માર્બલનાં વેપારી ગઇ કાલે તેના મિત્ર સાથે ગોતા માર્બલ માર્કેટમાં જવા નિકળ્યા હતા. બસમાં ગાંધીનગર ડેપો પહોંચ્યા બાદ બીજી ગોતા તરફ જતી બસમાં બેસવા ગયા ત્યારે મુસાફરોની ભીડનો લાભ લઇ કોઇ ગઠીયો તેના ખિસ્સામાંથી રૂ.૬૦ હજારની ચિલઝડપ કરી સરકી ગયો હતો. વેપારીને જાણ થતા બસમાંથી ઉતરીને પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. પોલીસે જાણવા જોગ નોંધી સીસીટીવી ચેક કરતા ગઠીયો કેમેરામાં કેદ થઇ ગયો હોવાનું જાણવા મળ્યુ છે. જો કે બીજી બસ આવી જતા ચહેરો સ્પષ્ટ દેખાતો નથી.

વિજાપુર ખાતે રહેતા માર્બલના વેપારી બીપીનભાઇ તેમના જ વ્યવસાય સાથે સંકળાયેલા મિત્રને લઇને બસમાં ગાંધીનગર આવ્યા હતા અને ગાંધીનગરથી ગોતા જવાનાં હતા. ગોતા ખાતે માર્બલ માર્કેટમાં તે બંને મિત્ર જવા નિકળ્યા હતા. ગોતા જતી બસમાં બેસવા તે સીડી ચઢ્યા ત્યારે મુસાફરોની ભીડભાડ અને ધક્કમુક્કીનો લાભ લઇ કોઇ શખ્સે તેમના ખિસ્સામાંથી રૂ.૬૦ હજાર રોકડા સેરવી લીધા હતા. રૂપિયા સેરવી લઇને ગઠીયો રફ્ફુચક્કર થઇ ગયો હતો. બસમાં બેસતા જ બીપીનભાઇને ખ્યાલ આવી જતા ઉતરી ગયા હતા અને સે-૭ પોલીસ મથકે પહોંચ્યા હતા. પોલીસે જાણવા જોગ નોંધીને તપાસ શરૂ કરતા ડેપોનાં સીસીટીવી કેમેરામાં ગઠીયા કેદ થઇ ગયેલા જોવા મળ્યા છે જો કે એક બસ આડી આવી જતા ચહેરો ઢંકાઇ ગયો હોવાનું જાણવા મળ્યુ છે.

# ...ને ગંભીર ઈજાગ્રસ્ત હરતાફરતા થયા

## રોટરી કલબના ફીઝીયોથેરાપીસ્ટે અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલ સજ્જનને સાડા ત્રણ માસમાં ચાલતા કર્યા



ગાંધીનગર, તા.૨૨

જુન માસમાં પાલનપુર-મહેસાણા હાઈવે પર થયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયા બાદ હાથ પગનું હલનચલન બંધ થતાં જીવવાની હોંશ ગુમાવી ચુકેલા સરગાસણના સજ્જનને ફીઝીયોથેરાપીસ્ટે સાડા ત્રણ માસની સતત અને સળંગ કસરત કરાવી ચાલતા કર્યા છે. રોટરી કલબ ફીઝીયોથેરાપી સેન્ટરમાં ફરજ બજાવતા ફીઝીયોથેરાપીસ્ટ સમીર પાઠકે ભારે ધીરજપૂર્વક અશકય લગતું આ કાર્ય શકય બનાવ્યું છે.

જેટકોમાં જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા વિષ્ણુભાઈ પટેલની કાર ગત તા. ૩જી જુનના રોજ પાલનપુર-મહેસાણા હાઈવે પર અકસ્માત થતાં પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં વિષ્ણુભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓના ચાર મણકા ડેમેજ થયા હતા. ૧૩મી જુનના રોજ સ્ટર્લીંગ હોસ્પિટલના ડૉ. જે.યુ. શાહે ઓપરેશન કર્યુ હતું. ઓપરેશન બાદ તેઓના જીવને જોખમ ટળ્યુ હતું પરંતુ તેમના હાથ પગનું હલનચનલ બંધ થઈ જતા તેઓ પથારીવશ થઈ ગયા હતા. તબીબોની સલાહ સૂચન અનુસાર ૨૩મી જુનના રોજ વિષ્ણુભાઈને ફીઝીયોથેરાપીની સારવાર આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સે-૨૨ સ્થિત રોટરી કલબના ફીઝીયોથેરાપી સેન્ટરમાં ફરજ બજાવતા સમીર પાઠકે વિષ્ણુભાઈના સરગાસણ સ્થિત ઘરે જઈ સારવાર આપવાનો પ્રારંભ કર્યો હતો. સતત ધીરજપૂર્વકની સારવાર પરિણામ આપી રહી હતી. એક તબક્કે જીવવાની હોંશ ગુમાવી ચુકેલા વિષ્ણુભાઈ ધીમે ધીમે હાથ પગ હલાવતા થયા. ધીમે ધીમે તેઓએ ટેકે ટેકે ચાલવાનુ શરૂ કર્યુ. વિષ્ણુભાઈની હિંમત અને ફીઝીયોથેરાપીસ્ટ સમીરભાઈની ધીરજના પરિણામે એક તબક્કે પથારીવશ થયેલા વિષ્ણુભાઈ પટેલ ચાલતા થયા છે.

### અવસાન નોંધ

વાવોલમાં રહેતા ઉમેશભાઈ (જોષી દાદા)ના પુત્ર સ્વ. સંજયભાઈનું બેસણું આવતીકાલે તા. ૨૩-૧૦-૨૦૧૬ને રવિવારના રોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન ૪/જી, કિર્તિધામ સોસાયટી વાવોલ ખાતે રાખવામાં આવેલ છે.

### ચિરવિદાય

- સ્વ. સંજય ઉમેદભાઈ જોશી, ઉ.વ. ૪૩
- સ્વ. રાકેશકુમાર યોગેશકુમાર ત્રિવેદી, ઉ.વ. ૩૦
- સ્વ. પદમાબેન ચંદ્રશેખર નાયક, ઉ.વ. ૬૫